BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ બ્રૅમ્પટન COVID-19 પ્રતિભાવ અપડેટ: વિશિષ્ટ કાઉન્સિલ સભાનાં તારણો

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (25 માર્ચ 2020) – તેઓની આજની વિશિષ્ટ કાઉન્સિલ સભામાં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે COVID-19નો સામનો કરવાના પગલાં તરીકે સેવાઓ અને પ્રોગ્રામિંગમાં થયેલ નોંધપાત્ર નિર્ણયોને બહાલી આપવામાં આવી હતી.

બેઠકના મુખ્ય મુદ્દાઓમાં નીચેની બાબતો સમેલ છે: સિટી ઓફ બ્રૅમ્પટન દ્વારા કટોકટીની સ્થિતિની ઘોષણા, નિઃશુલ્ક બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ ભાડા, બ્રૅમ્પટન ટ્રાન્ઝિટમાં થયેલ એક પરિવર્તન તેમજ બોર્ડિંગ અને સવારી કરવાની નવી પ્રણાલિ, રહેવાસીઓ પાંચ મહિના સુધી વ્યાજ કે લેટ ફી વિના વેરા ભરવા મૂલતવી રાખી શકે, આખા શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સિંગ (સામાજિક અળગાપણું જાળવવા બાબત) પ્રોત્સાહિત કરવાની મહત્તા પર એક ચર્ચા.

**કટોકટીની સ્થિતિ**

24 માર્ચ 2020ના રોજ સિટી કાઉન્સિલ સાથે સલાહમસલત કર્યા બાદ અને સિટીની ઈમર્જન્સી મેનેજમેન્ટ ટીમની ભલામણને ધ્યાન પર લઈને મેયર પેટ્રિક બ્રાઉને સિટીના ઈમર્જન્સી મેનેજમેન્ટ પ્લાન અનુસાર સીટી ઓફ બ્રૅમ્પટનમાં કટોકટીની સ્થિતિની ઘોષણા કરેલ છે.

પ્રોવિન્સ ઓફ ઓન્ટારિયો અને રીજન ઓફ પીલના COVID-19ના ફેલાવાને નિયંત્રિત કરવાના પ્રયાસોને ટેકો આપતું આ એક નોંધપાત્ર પગલું છે.

કટોકટીની ઘોષણા અભૂતપૂર્વ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે અસામાન્ય કાર્યવાહીઓ કરવાની સત્તા આપે છે અને તેનાથી પુરવઠા અને સેવાઓ સહિત વધારાના સંસાધનો મેળવવાના માર્ગ ખુલ્લા થઈ શકે છે. આ ઘોષણા, COVID-19ના પ્રભાવોને રોકવામાં સહાય માટે કાર્યવાહી કરવાને કારણે વધુ સુગમતા અને ગતિને મંજૂરી આપીને શહેરની ચાલી રહેલ કટોકટીના પ્રતિસાદના પ્રયાસોમાં મદદ કરે છે.

**બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ અપડેટ**

શનિવાર, 21 માર્ચના દિનથી ભાડા ચૂકવવાની જરૂર નહીં રહેશે અને ગ્રાહકો આગામી સૂચના આવે ત્યાં સુધી બસોમાં માત્ર પાછળના દરવાજાઓમાંથી ચઢી શકશે. જે વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા ગ્રાહકો હશે જેઓને રૅમ્પનો ઉપયોગ કરવાની ફરજ પડતી હોય તેઓ આગળના દરવાજાનો ઉપયોગ કરી શકશે.

શનિવારની સેવામાં વધારો થયો છે સોમવારથી શુક્રવાર. વિગતો અહીં મળી શકશે. શનિવાર અને રવિવારની સેવા તેના નિયમિત સમયપત્રક મુજબ ચાલું રહેશે. 185 ક્લાર્ક બૂલવર્ડ અને 130 સેન્ડલવૂડ પાર્કવે વેસ્ટ ખાતેના બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટના વહીવટી કાર્યાલયો જાહેર જનતા માટે બંધ છે.

માર્ચ 23ના રોજથી વિવિધ વધારાના સુરક્ષા પગલાઓ અમલી થશે જેથી સમુદાયોમાં COVID-19નો ફેલાવો ઘટાડી શકાય. આ પગલાં વિશે વધુ જાણકારી  અહીં મેળવી શકાશે.

**મિલકત વેરા મૂલતવી**

સિટી ઓફ્ બ્રૅમ્પટને પાંચ મહિનાની માર્ચ 18થી 19 ઑગસ્ટ 2020ની અવધિમાં થતા વેરા ચૂકવણા પર વ્યાજ અને લેટ ફી COVID-19ના ઉપદ્રવને કારણે જતી કરી છે. આનો અર્થ કે સીટી ઓફ્ બ્રૅમ્પટન રહેવાસીઓને બાકી રહેલ વચગાળાના વેરાના ચૂકવણા કોઈ દંડ અને વ્યાજ ભોગવ્યા વિના ઑગસ્ટ 19, 2020 સુધીમાં કરવાનો વિકલ્પ પસંદ કરવાની છૂટ આપે છે.

વેરાના ચૂકવણા સિટી દ્વારા પ્રાપ્ત કરવાનું અને તેની પ્રક્રિયા કરવાનું ચાલું રહેશે. ચૂકવણા ઓનલાઈન બેંકિંગ મારફત ફાઈનાશ્યલ સંસ્થાઓ ખાતે કરી શકાશે તેમજ સિટી હૉલની લૉબીમાં પાર્કિંગ ગેરેજ એલિવેટરની બાજુંમાં રહેલ ડ્રોપ બોક્સમાં મુકી શકાશે. વધુ જાણકારી માટે, સિટીના વેરાની ચૂકવણી વારંવાર પૂછાતા પ્રશ્નો વાંચો.

**સોશ્યલ ડિસ્ટન્સિંગની અમલબજાવણી**

COVID-19 ના ફેલાવાને રોકવા માટે સોશ્યલ ડિસ્ટન્સિંગ અને શારીરિક અલગતાની ભૂમિકાની નિર્ણાયક ભૂમિકાને ગંભીરતાથી ધ્યાન પર લેતા, કાઉન્સિલે વિનંતી કરી છે કે COVID-19 કટોકટી દરમિયાન સોશ્યલ ડિસ્ટન્સિંગ અને શારીરિક અળગાપણાનો અમલ કરવાના પગલાંને ટેકો આપતા નિયમો ઊભા કરવા માટે સ્ટાફને વિનંતી કરેલ છે.

નવા નિયમમાં નીચેની બાબતોનો સમાવેશ છે પરંતુ તેના સુધી સિમીત નથી: વ્યક્તિઓ વચ્ચે 2.0 મીટર અળગા રહેવાનું અંતર જાળવવું, સિવાયકે પરિવારના સદસ્યો જેમની સાથે જેતે વ્યક્તિ નિવાસ કરતા હોય; અને જાહેર રમતના મેદાનોના ઉપયોગ પર મર્યાદાઓ અને/અથવા અંકુશો.

**સંપર્કમાં રહો**

સિટી બ્રૅમ્પટનવાસીઓને માહિગાર રાખવા પ્રતિબદ્ધ છે અને ઉપલબ્ધ થતા જશે તેમ તેમ COVID-19 સામે સિટી દ્વારા લેવામાં આવેલ પગલાં વિશે અપડેટ્સ આપવાનું ચાલુ રાખશે. COVID-19ને પ્રતિસાદ આપતા સમાજને સપોર્ટ કરવાના સિટીના તમામ પ્રયાસો તેમજ ઉપરોક્ત નિર્ણયો વિશે વધુ માહિતી માટે, મુલાકાત લો www.brampton.ca/COVID19 અથવા @CityBrampton ને Twitter, Facebook અને Instagramપર ફોલો કરો.

**વધુ માહિતી**

- [સિટી ઓફ઼ બ્રૅમ્પટન COVID-19]
- [પીલ પબ્લિક હેલ્થ – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)]
- [પ્રોવિન્સ ઓફ઼ ઓન્ટારિયો: આરોગ્ય મંત્રાલય – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)]
- [સીટી ઓફ઼ બ્રૅમ્પટન COVID-19નો સામનો કરવા માટે કટોકટીની સ્થિતિ જાહેર કરે છે.]
- [બ્રૅમ્પટન રહેવાસીઓને વેરા ભરવામાં વિલંબની મંજૂરી આપે છે અને પાંચ મહિના સુધી તમામ દંડ જતા કરે છે]
- [બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ પ્રારંભ કરે છે નિઃશુલ્ક ભાડા, પાછળના દરવાજેથી બોર્ડિંગ, અડધી ક્ષમતાની બસો, અને બીજું બધું, અમલ તારીખ માર્ચ 21 અને માર્ચ 23]

**અવતરણો**

"આગામી મહિનાઓ તરફ઼ અમે આગળ વધીએ છીએ ત્યારે સિટી આપણા સમાજને સુરક્ષિત રાખવા અને COVID-19ને ફ઼ેલાતો રોકવાના તેના પ્રયાસોમાં કોઇ ઢીલ કરશે નહીં. "આવા સંજોગોમાં જ્યારે આપણે સહુ કાર્ય કરી રહ્યા છીએ ત્યારે ફ઼રી એક વખત હું કાઉન્સિલ, સિટી સ્ટાફ઼ અને આપણા સમાજનો તેમના ચાલું રહેલ ટેકા માટે આભાર વ્યક્ત કરું છું."

*પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"આજની વિશિષ્ટ કાઉન્સિલ બેઠકમાં સિટી કાઉન્સિલને COVID-19નઓ સામનો કરવા માટે સેવા પરિવર્તનો અંગેના તાજેતરના નિર્ણયોને મંજૂર કરવાની તક સાંપડી હતી. આ નિર્ણયોને કાઉન્સિલની બહાલીથી આપણી ટીમને સહજતાથી બ્રૅમ્પટનમાં COVID-19ના પ્રભાવ ઘટાડવાના આપણા પ્રતિભાવો આપવા ચાલુ રાખવાની મંજૂરી મળે છે."

*ડેવિડ બારિક, ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફ઼િસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ઼ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફ઼ળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

BRAMPTON

# Media Release

**મિડિયા સંપર્ક:**

મોનિકા દુગ્ગલ

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca